**અમદાવાદ(ગ્રામ્ય)ના મે. ૮ માં(એડહોક)જયુડી. મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં,**
મુ.મીરઝાપુર, અમદાવાદ.

**<u>ક્રિ.કે.નં. ૪૩૩૮/૧૭</u>**

આંક:–

ફરિયાદી:– શ્રી સરકાર

વિ.

આરોપી:– અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ

**ગુનો :–** ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬(૧)બી, ૮૫(૧)૩ વગેરે

**<u>ચુ કા દો</u>**

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ:૬૬(૧)બી, ૮૫(૧)૩ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

આજરોજ ના.નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે. સીંટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ રુબરુ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

૩. આરોપી વિરૂધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૪. આરોપી ગુના કબુલાત પુરસીસ આપી એમાં જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારુ તેમજ અમારા કુંટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ. અમોએ દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરેલ નથી. કે મારા–મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ર્ચાજશીટના કોલમ નં.૫ માં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારુ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યા માત્રનો આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાય જાય જે તમમ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય

તેવા ઉદેશથી વિનમ્ર માંફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

૪.૧ આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

૫ તમામ રેકર્ડ ઉપરની હકીકત લક્ષમાં લેતા વગર પાસ પરમીટે દારુ પી છાટકો બની લથડીયા ખાતો હોવા સંદર્ભનો આક્ષેપ છે. આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરી, ઝઘડો કરી, અસભ્ય વર્તન કરી, અશિસ્ત ભાષા વાપરી કે મારા મારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ પર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. આરોપીનો સમય, ફરીયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે. તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ઘ્યાને લઈ તેમજ ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હીત જળવાય રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરુ છુ.

**<u>હુ ક મ</u>**

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી પ્રોહી. એકટની કલમ ૬૬(૧) બી, ૮૫(૧) ૩ વગેરે મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. <u>૫૦૦</u> અંકે રૂપીયા <u>પાંચસો પુરા</u>નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.અને જો દંડ ન ભરે તો દિન:૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **<u>તા.૨૨, માહે: એપ્રિલ, સને:૨૦૧૮</u>** ના રોજ જાહેર કર્યો.

મુ:અમદાવાદ.
તા.૨૨/૦૪/૨૦૧૮

(અભિષેક સાહુ.)
UIC NO G J 01429
૮ માં એડી.જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.